પ્રયાસોનું

# પ્રતિબિંબ

કચ્છ નવનિર્માણ અભિયાનનું માસિક

ડીસેમ્બર, ૨૦૧૧ વર્ષ-૪

## સ્થાનિક સ્વશાસન વિશેષાંક



# ‘બ-Blog નો બ’

‘ક- કલમનો ક’ પણ જેણે ન શીખ્યો હોય એ વ્યક્તિ ‘વેબસાઇટ’નો ઉપયોગ કરી શકવા સક્ષમ બની હોય એ જ જનસમુદાયને પગભર કરવાના પ્રયાસોનું સિમાચિહ્ન કહી શકાય! ભણતર નહિં પણ ખૂબ જ ગણતર ધરાવતા કચ્છના અંતરિયાળ સરગુ ગામનું છેલ્લા ૧૫ વર્ષથી સુકાન સંભાળતા સરપંચ આજે ઇન્ટરનેટના માધ્યમથી પોતાના ગામની તમામ માહિતી દેશ દુનિયા સામે મૂકવા માટે સેતુના સહકારથી LGSS વેબસાઇટનો ઉપયોગ કરી રહ્યા છે. તેમજ સમગ્ર બન્ની પચ્છમ વિસ્તાર માટે સેતુ દ્વારા વિકસાવવામાં આવેલ બ્લોગ વિશે પણ પોતાની સમજ કેળવી રહ્યા છે.

પચ્છમ તાલુકાની સરગુ ગ્રામ પંચાયતના સરપંચ સલીમભાઇ દેશર નોડેએ ૨૦૧૧માં થયેલા અનરાધાર વરસાદથી થયેલા નુકશાનથી સરગુ સહિતના ગામોની પરિસ્થિતિ દર્શાવતો એક વીડિયો તૈયાર કરી આ બ્લોગમાં વહેતો મૂક્યો. આ વિસ્તારમાં કાર્યરત સોલારીસ કંપનીના અધિકારીઓએ બ્લોગ પર બનાવેલો વીડિયો જોયો અને પશુપાલકોને સહાય આપી.

bannipachchham.wordpress.com બ્લોગ સેતુના રાજેન્દ્રભાઇ વાઘેલાએ ગુજરાતીમાં બનાવ્યો છે. બન્ની-પચ્છમ માટે જે રીતે બ્લોગ બનાવાયા છે તેવી જ રીતે કચ્છમાં અન્ય ૪ બ્લોગ પણ બનાવાયા છે જેની લીન્ક આ પ્રમાણે છે.

- www.anjarpanchayat.wordpress.com
- www.raparpanchayat.wordpress.com
- www.kutchmahilamanch.wordpress.com
- www.setupanchayat.wordpress.com



# પાંજી પંચાયત પાંજી સરકાર

આઝાદીના છ દાયકા બાદ પંચાયતી રાજની સમીક્ષા કરીએ તો સંસદ, વિધાનસભા, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, નગરપાલિકા અને ગ્રામ પંચાયત એમ ત્રિસ્તરીય વહીવટી માળખાના પાયામાં ગ્રામપંચાયતને સ્વભંડોળ માટે, ગામના વિકાસના ખર્ચ માટે અનેક નિયંત્રણો છે. ગુજરાત જેવા પ્રગતિશીલ રાજયમાં પણ ગ્રામ પંચાયતોને આકસ્મિક ખર્ચ માટે માત્ર પાંચ હજાર રૂપિયા ખર્ચ કરવાની સત્તા છે. ગ્રામ પંચાયત વેરા ઉઘરાવી શકે છે પણ ખર્ચની મંજૂરી માટે તાલુકા પંચાયત પર આધારિત રહેવું પડે છે. ગામના નાણાકીય આયોજન તેમજ બજેટના આયોજન માટે ગ્રામપંચાયતો સ્વતંત્ર નિર્ણય લઇ શકતી નથી.

પ્રતિબિંબના આ અંકમાં સ્વૈચ્છિક સંસ્થાઓ, વ્યકિતગત દાતાઓની નાણાકીય સહાયથી ગ્રામ વિકાસ ભંડોળ ઉભું કરીને ગ્રામપંચાયતો સ્વશાસન, સુશાસનની દિશામાં કેવી રીતે કામ કરી શકે એ દિશામાં કચ્છ નવનિર્માણ અભિયાને શરૂ કરેલી પહેલ વિશેની માહિતી છે. કચ્છની ૨૫ જેટલી ગ્રામ પંચાયતોમાં હાથ ધરાયેલો આ પ્રયોગ ગ્રામજનોની જાગૃતિ અને સક્રિયતાથી સફળ રહ્યો છે. આ પ્રયત્નોના ઉદ્વેશ્યમાં મુખ્ય મુદ્દો ગ્રામ પંચાયત ગામના વિકાસની ધૂરા સંભાળીને લોકભાગીદારી દ્વારા સરકાર પર આધારિત રહેવાને બદલે સુવિધાઓનો વ્યાપ જાતે જ વધારવાનો છે. સરળ શબ્દોમાં કહીએ તો ગ્રામપંચાયત ગામની સરકાર બને એટલે કે 'પાંજી પંચાયત પાંજી સરકાર' એવી અસરકારક ભૂમિકા ઉભી થાય એવા આ પ્રયત્નો છે.

તેને વ્યાપક બનાવાની દિશામાં આપણે સૌએ વિચારવાની જરૂરત છે. શિક્ષણ, આરોગ્ય, કૃષિ, જળવ્યવસ્થાપન જેવી માળખાગત સુવિધાઓ હોય કે ગામ વિશેની માહિતી, ગામમાં થતી કૃષિ-પશુપાલનની પેદાશોનું માર્કેટીંગ હોય જો ગામલોકો ધારે તો પાંજી પંચાયત પાંજી સરકાર (આપણી પંચાયત આપણી સરકાર) બનીને ગામની આર્થિક, સામાજિક અને માળખાકીય સુવિધા વધારીને વિકાસનું આયોજન કરી શકે છે.

**વિનોદ ગાલા - તંત્રી**

## અનુક્રમ


- **ગ્રામ પંચાયતનો સ્વાયત વહીવટ ..૨**
- **કેવી રીતે કરી શકીએ આપણા ગામનો વિકાસ ..૩**
- **ગામનો વિકાસ, સામુહિક જવાબદારી ..૫**
- **'લોહારીયા' - એક લાખેણું ગામ ..૬**
- **સ્થાનિક સ્વશાસને બદલ્યો ગામનો ચહેરો ..૮**
- **પંચાયતી રાજ અને મહિલા ભાગીદારી ..૯**
- **પગભર બનતું સઇ ગામ ..૧૦**
- **પંચાયત : મર્યાદિત સત્તાઓ વચ્ચે અનેકવિધ જવાબદારીઓ ..૧૧**
- **પંચાયત પ્રતિનિધિઓના પ્રતિભાવ ..૧૩**
- **'મતદાતા જાગૃતિ અભિયાન' ..૧૪**
- **હલચલ ..૧૫**
- **પ્રતિભાવ ..૧૬**



તંત્રી : વિનોદ ગાલા
સંપાદક : જય અંજારિયા
ડિઝાઇનીગ : મિતેશ સોલંકી



**• આલેખન વિભાગ**

**કચ્છ નવનિર્માણ અભિયાન**
પહેલા માળે, વીંગ-સી, કતીરા કોમર્શીયલ સેન્ટર,
મુન્દ્રા રીલોકેશન સાઇટ, ભુજ-કચ્છ.
ફોન/ફેકસ (૦૨૮૩૨) ૨૩૦૭૭૧/૨૩૦૭૭૨
E-mail : aalekhanabhiyan@gmail.com



• સર્વ હક્ક પ્રકાશકને આધિન •



માલિક, પ્રકાશક, કચ્છ નવનિર્માણ અભિયાન વતી પ્રકાશક લતા અજીતભાઇ સચદે એ મુદ્રક - શ્રીજી ઓફસેટ, નરનારાયણ ચેમ્બર્સ, સ્ટેશન રોડ, ભુજ-કચ્છથી છપાવીને આલેખન વિભાગ, કચ્છ નવનિર્માણ અભિયાન, મુન્દ્રા રીલોકેશન સાઇટ, ભુજ ૩૭૦૦૦૧ થી પ્રસિધ્ધ કર્યુ.


# ગ્રામ પંચાયતનો સ્વાયત વહીવટ

આપણા ભારતીય બંધારણમાં ગ્રામ પંચાયતને મીની સંસદનો બંધારણીય દરજ્જો અપાયો છે. પણ, વહીવટના મુદ્દે ગ્રામ પંચાતયની અનેક મર્યાદાઓ છે. પરિણામે, ગ્રામ પંચાયત ગામનું સુકાન સંભાળતી હોવા છતાંય ગામના વિકાસના આયોજનમાં અનેકવિધ મુશ્કેલીઓ અનુભવે છે. કચ્છ નવનિર્માણ અભિયાને સ્થાનિક શાસનમાં મજબુતીકરણ માટે ‘લોગીન’ કાર્યક્રમની પહેલ કરી છે. SDCના સહકારથી કચ્છમાં શરૂ કરાયેલા ‘લોગીન’ કાર્યક્રમના પાયામાં પંચાયતના વહીવટકારોની ક્ષમતા કેળવવી, પંચાયતી રાજ સંસ્થાનોમાં સહભાગી લાવવી, સક્ષમ નેતૃત્વ અને સંશોધન કેન્દ્ર દ્વારા પંચાયતને અસરકારક ભૂમિકા સાથે સ્વાયત વહીવટ માટે તૈયાર કરવાનો છે. હાલે પંચાયતી વહીવટનું માળખું તાલુકા, જિલ્લા, રાજ્ય અને કેન્દ્રની ઉપર આધારિત છે. પણ, ‘લોગીન’નો મુખ્ય હેતુ ગ્રામ પંચાયતને સ્વાયત એકમ તરીકે કાર્ય કરવા માટેની દિશા આપનારો છે.

આ આખા’યે આયોજનને સફળ બનાવવા ત્રણ મોડયુલ વિકસાવાયા છે. હાલના તબકકે કચ્છ જિલ્લાની ૨૯ ગ્રામ પંચાયતોના ૩૬ પ્રતિનિધિઓને ત્રણેય મોડયુલ પ્રમાણે તાલીમ અપાઇ છે. આ તાલીમમાં પંચાયતના પ્રતિનિધિઓને વહીવટી તાલીમ ભારત સરકારના પંચાયત સેક્રેટરી રહી ચૂકેલા સનદી અધિકારી રઘુનંદન દ્વારા અપાય છે. વહીવટની સાથે પ્રજાતંત્રમાં ગ્રામ પંચાયતને આયોજનના અધિકાર અંગે સજાગ કરીને પંચાયત જાતે જ વિકાસનું બજેટ બનાવે, કુદરતી સંસાધનોને જાળવે, માળખાગત સુવિધાઓ ઉભી કરે, મહિલાઓ અને વંચિત સમુદાયોના વિકાસ માટે કાર્ય કરે એવા અનેક વિષયોની આગેવાની પંચાયત લે એ માટે પ્રોત્સાહિત કરાય છે. મોડયુલના બીજા તબકકામાં ભવિષ્યના આયોજન અંગે અને ત્રીજા તબકકામાં ટેકનોલોજીને પંચાયતના વિકાસમાં કેવી રીતે ઉપયોગી બનાવી શકાય એનો સમાવેશ થાય છે.

ટેકનોલોજીને સુચારૂ રીતે પંચાયતના ઉપયોગમાં કેવી રીતે લઇ શકાય એની પહેલ કચ્છ નવનિર્માણ અભિયાને કરી છે. અભિયાનની ટેકનીકલ પાંખ કે-લીન્ક દ્વારા ઇન્ટરનેટના માધ્યમથી ચાલતી જીઆઇએસ એપ્લીકેશન ‘લોકલ ગવર્નન્સ સપોર્ટ સિસ્ટમ’ LGSS બનાવાઇ છે. હાલ ૨૦ ગ્રામ પંચાયતો હેઠળ સમાવિષ્ટ ૫૦ ગામો LGSS હેઠળ આવરી લેવાયા છે. આ LGSSમાં ગામની માળખાગત સુવિધાની માહિતી, ગામના દરેકે દરેક પરિવારના સભ્યોની રજેરજ માહિતી જોઇ મેળવી શકાય છે.

આ એપ્લીકેશન ગ્રામ વિકાસ અને બજેટ બનાવવાના સંદર્ભમાં બહુ ઉપયોગી સંસાધન છે. આ એક વેબબેઝ એપ્લીકેશન હોવાથી તેને ચલાવવા અને અમલ કરવા માટે ઇન્ટરનેટ કનેકશનની જરૂર રહે છે. આ વેબસાઇટમાં ગ્રામ પંચાયતો પોતાના વિસ્તારની મુખ્ય અને સંપૂર્ણ માહિતી નકશારૂપી જોઇ અને મેળવી શકે છે. ગ્રામ પંચાયતોની માહિતીને નકશારૂપે ઇન્ટરનેટ પર વેબસાઇટ રૂપે મૂકવામાં આવી છે. આ વેબસાઇટ જોવા માટે HTTP://LGSS.KLINK.CO.IN એડ્રેસ ઇન્ટરનેટ પર લખીજે ગ્રામ પંચાયતોનું સર્વે થયું છે તેની માહિતી દુનિયાની કોઇ પણ જગ્યાએથી જોઇ શકાય છે.




**ગામના ઘરો, રોડ અને માળખાકીય સુવિધાઓ ચિત્રરૂપે દર્શાવતો નકશો**

લોગીન તાલીમ સાથે ૨૦ ગ્રામ પંચાયતના આયોજન અને બજેટીંગને વધુ સરળ બનાવવા માટે નકશા આધારિત સોફ્ટવેર (એલજીએસએસ) વિકસાવવામાં આવ્યું. આ સોફ્ટવેરમાં ગ્રામ પંચાયતના દરેક ઘરો, માળખાકીય સુવિધાઓ, જમીનને લગતી માહિતીનું જી.પી.એસ. મશીન દ્વારા સર્વે કરવામાં આવ્યું હતું. આ જી.પી.એસ. મશીન એટલે કે પૃથ્વી ઉપર ગ્રામ પંચાયતની માળખાકીય માહિતી અને ઘરોને ચોક્કસ સ્થાન દર્શાવતી ટેકનોલોજી. આ મશીન દ્વારા સર્વે કરવામાં આવેલી માહિતીને આધારિત નકશામાં સેટ કરાઇ. પરિણામે, ગામની સંપૂર્ણ માહિતીને કોમ્પ્યુટર પર જોઇ શકાય છે.

આ માહિતીમાં ગામના રોડ મેપીંગ, શેરી-ગલી અને ઘરની ચોક્કસ દિશા, માપ, સ્થાન જોઇ જાણી શકાય છે. ગામની વિગતમાં સરકાર દ્વારા પુરી પડાતી જાહેર સેવાઓની માહિતી (દા.ત. શાળાઓ, આંગણવાડી, આરોગ્ય કેન્દ્ર, પશુ દવાખાના), સરકારી યોજનાઓનો લાભ લેતા પરિવારો (દા.ત. શાળાના બાળકો, શિક્ષકોની સંખ્યા, વિધવા પેન્શનનો લાભ લેનારની સંખ્યા) વિશેની માહિતી, ગામતળમાં આવેલા નદી, નાળા, કૂવા જેવા કુદરતી સંસાધનો, ગામમાં પશુઓની સંખ્યા, ખેતીની જમીન વિશેની આંકડાકીય માહિતી સહિત અનેક વિષયોની માહિતી ઇન્ટરનેટના માધ્યમથી દુનિયાના કોઇ પણ છેડે જોઇ શકાય છે.

LGSS સોફ્ટવેરના ઉપયોગ દ્વારા હાલ ૧૨ ગ્રામ પંચાયતોએ સર્વાંગી વિકાસ આયોજન બનાવ્યા છે, અને આ આયોજનને ગ્રામસભામાં રજૂ કરી બહાલી લેવામાં આવી છે. ભવિષ્યના આયોજનમાં LGSS દ્વારા ધ્યાને આવેલા વિકાસ કાર્યોને પ્રાથમિકતા આપવાની નેમ સાથે આ પંચાયતો આગળ વધી રહી છે.

પંચાયતના સશક્તિકરણ માટે LGSS ખૂબ ઉપયોગી સોફ્ટવેર છે.જો દરેક સંસ્થાઓ અને પંચાયતો આ સફળગાથામાંથી પ્રેરણા લે અને પોતાના વિસ્તારની પંચાયતોને આ સોફ્ટવેરમાં સાંકળે તો નજીકના ભવિષ્યમાં કચ્છની બધી પંચાયતો ઓનલાઇન થઇ શકે છે. આ વિશેની વધુ માહિતી માટે અભિયાનના કે-લીન્ક વિભાગ (૦૨૮૩૨-૨૩૧૩૭૯) પર સંપર્ક કરી શકાય છે.

# કેવી રીતે કરી શકીએ આપણા ગામનો વિકાસ

પ્રશ્નાર્થ સાથેનું આ લેખનું મથાળું જોઇને આશ્ચર્ય પામવા જેવું નથી. આજે આપણે આપણા ગામમાં રહેતા હોઇએ કે પછી વ્યવસાય અર્થે બહારગામ સ્થાયી થયા હોઇએ પણ કચ્છી માડુ તરીકે આપણા માદરે વતનસમા ગામની ચિંતા આપણને સતત થતી રહે છે. પ્રતિબિંબના આ અંકમાં ગ્રામ પંચાયત ગામના વિકાસ માટેના માધ્યમ તરીકે કેટલી અસરકારક ભૂમિકા ભજવી શકે છે એ અંગે કચ્છ નવનિર્માણ અભિયાને કરેલી પહેલ અને અલગ અલગ ગામોમાં કરાયેલી કામગીરીનો સમાવેશ કરાયો છે.

દાયકાઓથી આપણે ગામમાં કરાતા વિકાસકાર્યોથી ગ્રામપંચાયતોને વિકાસાત્મક પ્રવૃત્તિથી દૂર રાખી છે. ગામની સામાજિક સંસ્થાઓ હોય, વ્યક્તિગત દાતાઓ હોય, કે સરકાર હોય પણ સૌ એ ગ્રામ પંચાયતની સમાંતર અલગ સંકલન સમિતિ કે અલગ વિભાગો બનાવીને વિકાસ કાર્યો કરવાનું પસંદ કર્યું છે. પરિણામે લોકો પણ ગામની સ્થાનીય સરકાર ગણાતી ગ્રામ પંચાયત કરતાં સંસ્થાઓ અને દાતાઓ પર પૂર્ણ વિશ્વાસ રાખે તે સ્વાભાવિક છે.

કચ્છ નવનિર્માણ અભિયાને તેના પ્રોગ્રામ સેતુના માધ્યમથી ૧૬૪ જેટલા ગામોની ગ્રામ પંચાયતોને વિવિધ સ્તરે ટેકો આપવાનું શરૂ કર્યું છે. જેમાં મુખ્ય હેતુ ગ્રામપંચાયતની ક્ષમતા વધારવાનો અને તેને સ્વશાસનની પ્રાથમિક સરકાર તરીકે કામ કરતી કરવાનો રહ્યો છે. વર્ષ ૨૦૦૯થી સેતુએ વ્યક્તિગત દાતાઓ ગ્રામ પંચાયત પર



## 'નાણા મેળવવા પંચાયતે કરવાની પ્રક્રિયાઓ'

ગ્રામ પંચાયતે ગ્રામ્ય વિકાસ માટેના નાણા(ભંડોળ) મેળવવા માટે ચોકકસ પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે. અહીં એ પ્રક્રિયા દર્શાવવામાં આવી છે. સૌ પ્રથમ કામનું ક્ષેત્ર નિશ્ચિત કરવું, વ્યકિતગત દાતા તથા સૌરાષ્ટ્ર જલધારા ટ્રસ્ટની કામની જગ્યા પર મુલાકાત અને પંચાયત સાથે બેઠક, ટેકનીકલ અને સામાજિક રીતે કામનું તારણ કાઢવું, પંચાયતની સામાન્ય સભા અને ગ્રામસભામાં ઠરાવ પસાર કરાવવો, કામગીરીનો પ્રસ્તાવ તૈયાર કરી અભિયાનને મોકલવો, નિશ્ચિત તારીખે અભિયાન ખાતે વી.જી.એફ, કમિટીના સભ્યો તથા પંચાયત સભ્યો સાથે કામગીરી સંદર્ભે મીટિંગ કરી કમિટી કામગીરીને મંજૂરી આપે, કામના ખર્ચનો અંદાજિત રકમનો ચેક પંચાયતને સોંપાય અને નિશ્ચિત તારીખે કામનું અમલીકરણ શરૂ થાય, કામ પૂર્ણ થતાં ખર્ચના હિસાબો પંચાયતના પ્રતિનિધિઓની સહી સાથે અભિયાનમાં પરત જમા થાય તેમજ દાતાઓ અને સૌરાષ્ટ્ર જલધારા ટ્રસ્ટના પ્રતિનિધિઓની કામગીરી પૂર્ણ થઇ હોય તે સ્થળની મુલાકાત પણ કરાવવામાં આવે.

વિશ્વાસ મૂકે અને ગ્રામ પંચાયતોને વિકાસ કાર્યો કરવા નાણા આપે તે માટે સઘન પ્રયત્નો કર્યા છે. વ્યકિતગત દાતાના ફંડને ગ્રામ પંચાયત ગ્રામ વિકાસ ભંડોળ તરીકે સ્વીકારીને ગામના વિકાસનું આયોજન અને અમલીકરણ કરે છે.

કચ્છ નવનિર્માણ અભિયાને સેતુના સહયોગથી કરેલી પહેલ દરમ્યાન વ્યકિતગત દાતાઓ આગળ આવ્યા છે. મુંબઇના ગુણવંતભાઇ શાહ તથા મુંબઇના દાતાઓ, સુરેશભાઇ શાહ અને સૌરાષ્ટ્ર જલધારા ટ્રસ્ટ જેવી સંસ્થાઓએ અભિયાન-સેતુ મારફતે ગ્રામ પંચાયતોને નાણા અને સાધન સહાય મારફતે ટેકો આપ્યો છે. પરિણામ ? ૪૪ ગામોમાં અંદાજિત ૭૭ તળાવોનું પુનઃવસન થયું, ૩૬૭ એકર જેટલી ગૌચર જમીનનું સંવર્ધન થયું. માનવીઓ અને પશુઓને નડતી પીવાના પાણીની સમસ્યાઓ હલ થતાં અત્યાર સુધી ૭૦,૦૦૦ જેટલા પશુઓ અને ૫૫૦૦૦ જેટલી માનવ વસ્તીને કાયમી ફાયદો થયો છે.



આ કામો લોકભાગીદારીથી થાય એવા પ્રયત્નો ગ્રામ પંચાયતના માધ્યમથી કરાયા છે. દાતાઓ અને લોકભાગીદારીના આ સહિયારા પ્રયાસોમાં વ્યકિતગત દાતાઓ અભિયાન સેતુ મારફતે ગ્રામ પંચાયતના અલગ ખોલાવાયેલા એકાઉન્ટમાં નાણા જમા કરાવે છે. જયાં જેસીબીની જરૂર હોય ત્યાં સૌરાષ્ટ્ર જલધારા ટ્રસ્ટ ટોકન ચાર્જથી જેસીબી આપે છે. જયારે ગામલોકો જરૂરત હોય ત્યાં ટ્રેકટરની વ્યવસ્થા, કામની દેખરેખ, ગાંડા બાવળો દૂર કરવા જેવા કામોમાં સહયોગી બને છે. કામના ખર્ચના હિસાબો ગ્રામપંચાયતના પ્રતિનિધિઓ સહી કરી પ્રમાણિત કરે છે. કામોનું મોનીટરીંગ, ગ્રામ પંચાયતનું સંકલન, દાતાઓ તેમજ સેતુના કાર્યકર્તાઓ કરે છે.

ગ્રામપંચાયતોની સક્રિય ભૂમિકાના સારા પરિણામો મળ્યા છે. ગામની ગૌચર જમીનો ઉપર દબાણો ઘટયા, તળાવની ફળદ્રુપ માટી ખેતીની જમીનમાં પાથરવાથી જમીન નવસાધ્ય બનતાં પાકનું ઉત્પાદન વધ્યું. પીવાના પાણીની સમસ્યા દૂર કર્યા બાદ હવે અભિયાન-સેતુએ ખેતી માટે ખેતરની આસપાસ ખેત તલાવડીઓ બનાવીને ખેતી માટે પાણીની સમસ્યા દૂર કરવાની દિશામાં કામગીરી શરૂ કરી છે.

આખીયે કામગીરીની મંજૂરી ગ્રામસભા દ્વારા જ મેળવાય છે, પરિણામે, ગૌચર જમીનની વાત હોય કે પીવાના પાણીના જળવ્યવસ્થાપનની વાત હોય તેની જાળવણી માટે બધા જ ગ્રામજનો સક્રિય રહે છે. સંકલનની ભૂમિકા ગ્રામપંચાયતની હોઇ ખરા અર્થમાં ગ્રામપંચાયત ગામની સરકાર બને છે.

...અને હા, કહો જોઇએ કેવો લાગ્યો આપને આ પ્રયાસ. અભિયાન-સેતુ દ્વારા ગ્રામ પંચાયતને ગામના વિકાસનું કેન્દ્ર બનાવવાની દિશામાં કરાયેલો આ સફળ પ્રયાસ છે. પણ, તેને વ્યાપક બનાવવા કચ્છી માડુ તરીકે આપણે શું કરી શકીએ? એ વિચારવા જેવું ખરું.

# ગામનો વિકાસ, સામુહિક જવાબદારી



જયારે કોઇ ગામના લોકો ગામના વિકાસથી સંતુષ્ટ હોય, શાસન વ્યવસ્થા સુનિશ્ચિત હોય, તમામ સુવિધાઓ તેમના માટે ગામમાં જ ઉપલબ્ધ હોય તો એ પરિસ્થિતિ એ સૂચવે છે કે એ ગામની ગ્રામ પંચાયતનો વહીવટ જાગૃત પ્રતિનિધિના હાથે ચાલી રહ્યો છે. ગામના વિકાસ કાર્યોથી માંડીને નાતજાતના ભેદભાવ દૂર કરવા, સરકારી યોજનાઓનું અમલીકરણ તેમજ પંચાયતની દેખીતી પારદર્શિતા લોકો સમક્ષ રાખીને ભચાઉ તાલુકાની નેર પંચાયતે ગામના સર્વાંગી વિકાસ માટે ગ્રામ પંચાયત શું શું કરી શકે છે તેનું ઉત્તમ ઉદાહરણ પુરું પાડ્યું છે. પહેલાં પંચાયતના સભ્ય અને પછી નેર-અમરાસર જૂથ ગ્રામ પંચાયતના સરપંચ બનેલા દામજીભાઇ સુથારને મળ્યા ત્યારે થયું કે જો યોગ્ય સહકાર, ગ્રામ વિકાસ ભંડોળમાં લોક ભાગીદારી અને માર્ગદર્શન મળી રહે તો 'સ્થાનિક સ્વશાસન' કેવી રીતે સ્વાયત પંચાયત બની શકે છે !

''સમાજમાં રહેતા દરેક નાગરિક સાથે એક સમાનતા અને ન્યાય સાથે વર્તવામાં આવે એવા વિચાર સાથે ૧૯૯૫માં ગ્રામ પંચાયતની ચૂંટણીમાં સભ્ય તરીકે ઉભો રહ્યો, નસીબે સાથ ન આપ્યો ! ફરી ૨૦૦૧ની ચૂંટણીમાં ઉભો અને ગામલોકોના મતે મને વિજયી બનાવ્યો અને હું નેર ગ્રામ પંચાયતનો સભ્ય બન્યો. સભ્ય બનવાની ઘડીથી જ ગામમાં સામાજિક ન્યાય સમિતિ બનાવવા માટે સક્રિય બની ગયો. મારી કામગીરીએ મને વર્ષ ૨૦૦૭માં નેર-અમરાસર જૂથ ગ્રામ પંચાયતનો સરપંચ બનાવ્યો. સરપંચ બનતાંની સાથે જ મેં ગામમાં સામાજિક ન્યાય સમિતિનું ગઠન કરાવ્યું અને સમિતિ હેઠળ ઘણા ન્યાયિક કાર્યો કર્યા જેનો મને સંતોષ છે.'' એમ ગ્રામ પંચાયતના માધ્યમથી નેર ગામને સંપૂર્ણ ગામ બનાવવાનું સ્વપ્ન સાકાર કરનાર સરપંચ દામજીભાઇએ પ્રતિબિંબ માટેની મુલાકાતમાં જણાવ્યું હતું.

ગ્રામ પંચાયત, ન્યાય સમિતિ અને સેતુના સહકારથી દામજીભાઇએ ગામમાં અનેક નોંધપાત્ર કામગીરી કરી છે. સામાજિક ન્યાય સમિતિની વાત કરતાં તેમણે કહ્યું કે, ગ્રામસભામાં ગામના વિવિધ પ્રશ્નો જાણી સમિતિના સભ્યોને વોર્ડવાર જવાબદારી સોંપી દીધી. વિવિધ વોર્ડમાં મહિલાઓ, વંચિત સમુદાય તેમકજ વ્યવસાય જૂથો સાથે અલગ અલગ બેઠક કરી તેમના પ્રશ્નોને જાણ્યા સમજ્યા અને એ પરથી જ ગ્રામ્ય આયોજન બનાવવાની દિશામાં કામગીરી કરી. ગ્રામ પંચાયતની કામગીરી અંગે તેમણે જણાવ્યું હતું કે, ગામની પાણીની સમસ્યા દૂર કરવા વાસ્મોના આર્થિક સહયોગ અને લોકભાગીદારીથી ૪૫ લાખ રૂપિયાના ખર્ચે ગામમાં પાણીની યોજના વિકસાવી અને હાલમાં ગામને ૨૪ કલાક પાણી મળી રહે છે. તેવી જ રીતે ભૂકંપના સમયથી જે લાભાર્થીઓને તેમના મકાનો મળ્યા ન હતા તેમના માટે 'ઉન્નતિ' સંસ્થાના સહયોગથી સમિતિએ ૧૫ મકાનો બાંધી લાભાર્થીઓને ફાળવ્યા.

લોકભાગીદારી ઉપરાંત કચ્છ નવનિર્માણ અભિયાન સંસ્થા તરરથી ગામના વિકાસ અને શાસન આયોજનના પ્રસ્તાવના પરિણામ સ્વરૂપ ગ્રામ શાસન ભંડોળમાંથી પણ ગામના વિકાસ કાર્યો નેર-અમરાસર જૂથ ગ્રામ પંચાયત દ્વારા કરવામાં આવી રહ્યાં છે. જેમ કે દરેક વોર્ડમાં સ્ટ્રીટ લાઇટ લગાવવી, વંચિતોને આજીવિકા માટે સહાય, શાળાના બાળકોને મલ્ટી મિડીયા શિક્ષણ વગેરે જેવા કાર્યો 'ગ્રામ વિકાસ ભંડોળ'માંથી કરવામાં આવ્યા હોવાનું સરપંચે જણાવ્યું હતું.

આ વાત તો થઇ ગ્રામ પંચાયતની કામગીરીની ! અહીં વાત કરવી છે નેરની ગ્રામ પંચાયતે તેના વહીવટની પારદર્શિતા માટે કરેલી એક અનોખી પહેલની...પંચાયતો તેમના નાણાકિય વહીવટની પારદર્શિતા દર્શાવવા માટે વિવિધ માર્ગો અખત્યાર તો કરતી જ હોય છે પરંતુ ગામના દરેક ઘર કે મહોલ્લાઓ સુધી પહોંચવામાં તે નિષ્ફળ રહી જતી હોય છે. નાણાકિય વહીવટની પારદર્શિતાના આ પ્રશ્નનો છેદ ઉડાડતો ઉકેલ ભચાઉ તાલુકાના કબરાઉ

સેતુ હેઠળની નેર-અમરાસર જૂથ ગ્રામ પંચાયતે લાવી અનોખી પહેલ આદરી છે.

જે ગામના લોકોએ ચૂંટીને ગામની સરકાર એટલે કે ગ્રામ પંચાયત બનાવી છે તેમને અધિકાર હોય છે કે તેઓ પંચાયતના વહીવટને જાણે-સમજે. વિકાસના કાર્યો માટે થતા ખર્ચને દર્શાવી પંચાયત પારદર્શિતા લાવવા માટે વિવિધ માર્ગ અપનાવે છે જેમ કે, નોટીસ બોર્ડ પર હિસાબ રજૂ કરવો તેમજ ગ્રામસભા દરમ્યાન જાહેરમાં હિસાબ રજૂ કરવા. પંચાયતોની આ કામગીરી પંચાયત અને ગામલોકો વચ્ચે પરસ્પર આત્મસમ્માનની ભાવના કાયમ રાખવા માટે ઉપયોગી નીવડે છે પરંતુ પંચાયતની આ પદ્ધતિ આખા ગામને વહીવટથી માહિતગાર બનાવી શકતી નથી. નેર-અમરાસર જૂથ પંચાયતે આ સમસ્યાનો ઉકેલ લાવવા માટે કરેલી પહેલ ખરેખર સરાહનીય છે. આ પંચાયતે છેલ્લા પાંચ વર્ષમાં જ્યારથી પંચાયતની કામગીરી શરૂ થઇ હતી ત્યારથી થયેલી તમામ કામગીરી અને ખર્ચની વિગતો દર્શાવતું વાર્ષિક કેલેન્ડર છપાવી દરેક મતદારોને આપવાનું નિશ્ચિત કર્યું છે અને કેલેન્ડર છપાવી પણ લીધા છે. અત્રે ખાસ ઉલ્લેખનીય છે કે પંચાયતની આ પહેલ માટે ગામના જ દસ દાતાઓએ ભંડોળ પુરું પાડ્યું છે.

આ કેલેન્ડરમાં નેર-અમરાસર જૂથ પંચાયતી રાજનો ઈતિહાસ, પંચાયત સંદર્ભે ભૂતકાળમાં થયેલી સમિતિઓની ભલામણ, ગામની સામાન્ય માહિતી, સ્વભંડોળ-સરકાર-દાતા અને સંસ્થા દ્વારા મળેલા વિકાસ કામ માટેના નાણા અને તેના દ્વારા થયેલાં વિકાસ કામો અને તેની નાણાકીય વિગતો, પંચાયતની મરજીયાત અને ફરજીયાત સમિતિ અને તેની ભૂમિકા, પંચાયતે વહીવટ માટે નિભાવવાના નમૂનાઓની વિગતો, સામાજિક ન્યાય અને પંચાયતની ભૂમિકા, સરપંચ-સભ્ય અને તલાટી-મંત્રીના કાર્યો, ગ્રામસભાના નીતિ નિયમો, પંચાયત દ્વારા કરવામાં આવતા ઠરાવોના નિયમો અને પંચાયતનું અંદાજપત્ર અને તેના નિયમો સહિતની માહિતી વિસ્તૃતમાં આવરી લેવાઇ છે. આ કેલેન્ડર ગામના દરેક કુટુંબને આપવામાં આવશે તેમજ તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત, આસપાસના ગામોની પંચાયતો અને પંચાયત ક્ષેત્રે કાર્યરત સંસ્થાઓને પણ આપવામાં આવશે. કચ્છની અન્ય ગ્રામ પંચાયતો માટે નેર-અમરાસર જૂથ પંચાયતની પહેલ દ્ષ્ટાંતરૂપ કામગીરી બની રહી છે.

# ‘લોહારીયા’ - એક લાખેણું ગામ

‘ગ્રામ પંચાયત એટલે સરકારી ભંડોળમાંથી ગામના વિકાસકાર્યો માટે કામ કરતું તંત્ર એવી માન્યતા હું ધરાવતો હતો પરંતુ સેતુના માર્ગદર્શન હેઠળ મારા મનમાં રહેલી માન્યતા અને વાસ્તવિકતા દ્વારા ગ્રામ પંચાયતની વ્યાખ્યા સપૂર્ણ રીતે બદલાઇ ચૂકી છે. હવે, ગ્રામ પંચાયતોની સત્તાઓથી પણ હું માહિતગાર બન્યો છું.’ આમ, અંજાર તાલુકાની લોહારીયા ગ્રામ પંચાયતમાં ૧૫ વર્ષથી સરપંચ રહેલા ધીરજલાલ અરજણ પરમારે આલેખન સાથે વાત કરતાં જણાવ્યું હતું.



‘પંચાયતની સત્તાઓ શું હોય? ગ્રાન્ટ મેળવવા શું કરવું? ગ્રામસભાના પ્રશ્નોનો ઉકેલ કેમ મેળવવો? લોકભાગીદારી કેવી રીતે કેળવવી? જેવા અનેક સવાલો પહેલીવાર સરપંચ બનવા સમયે મને ઘેરી વળ્યા હતા પરંતુ અમારા વિસ્તારમાં કાર્યરત સેતુ કેન્દ્રના કાર્યકરોના સહકારે આપેલું માર્ગદર્શન પંચાયતના વ્યવસ્થાપનમાં ખૂબ જ મદદરૂપ બન્યું.’ આલેખન સાથે આ અંગે વાત

કરતાં લોહારીયાના સરપંચ ધીરજલાલભાઇએ તેમના શાસન દરમ્યાન જોયેલાં પરિવર્તનો અંગે વાત કરી હતી. તેઓ કહે છે કે, ''૧૯૯૬માં પાંતીયા જૂથ પંચાયતમાં ચૂંટણી જીતી હું સરપંચ બન્યો. શરૂઆતમાં પંચાયતની કામગીરીમાં પાંચ વર્ષની પહેલી ટર્મ પૂર્ણ કરી. આ દરમ્યાન ભૂકંપ બાદ સેતુના સંપર્કમાં આવ્યો જે મારા માટે પંચાયતના વ્યવસ્થાપન માટેની સમજનો પરિવર્તન આણનારો પ્રસંગ બની રહ્યો. સેતુના માધ્યમથી ગામની વિવિધ માહિતીઓ હાથવગી બની અને ગામલોકો સાથે મીટિંગ, ગ્રામસભામાં પંચાયતની જવાબદારીઓ, વોર્ડ વાર મીટિંગ, ગ્રામ્ય સમસ્યાઓ વિશે પણ જાણકારી મળી અને તેના ઉકેલ માટે શું કરવું તેનું પથદર્શન પણ મળ્યું. છેલ્લી ૩ ટર્મથી હું સરપંચ પદે ચૂંટાઇ રહ્યો છું એ પાછળનું કારણ પણ મેં ગ્રામપંચાયતના માધ્યમથી ગ્રામવિકાસ માટે કરેલી પહેલ રહ્યું છે. હાલમાં લોહારીયા એક એવું ગામ બની ચૂક્યું છે જેમાં અનેક સુવિધાઓ ગ્રામ પંચાયત દ્વારા પુરી પાડવામાં આવી છે.''

ધીરજલાલભાઇએ માત્ર તેમના જ ગામના વિકાસમાં ફાળો આપ્યો છે એવું નથી! તેમની પંચાયતની સમજના પરિણામે તેઓ અંજાર-ગાંધીધામની ૬૦ ગ્રામપંચાયતોનું સંગઠન બનાવવામાં પણ સફળ રહ્યા છે. પંચાયત સંગઠન અંગે તેમણે માહિતી આપી હતી કે, ''એક પંચાયત કોઇ પ્રશ્ન ઉઠાવે તો તેને જલ્દી દાદ નથી મળતી એટલે અમે અંજાર-ગાંધીધામની ૬૦ ગ્રામપંચાયતોને સંગઠિત કરી અને ૩ વર્ષ અગાઉ આ સંગઠન અસ્તિત્વમાં આવ્યું. પંચાયતો સંગઠિત બનતાં રાશનકાર્ડ, સરકારી યોજનાઓ, નાગરિક અધિકારો જેવી બાબતોના પ્રશ્ને પંચાયતોને સમયસર સમાધાન મળ્યું. આ સંગઠને તાલુકામાં ખૂટતી તલાટીની જગ્યા પણ ભરાવી !'

સંગઠિત બનેલી ગ્રામપંચાયતોએ એકતાબળ દર્શાવતાં ગ્રામસભાનો વિરોધ પણ કર્યો હતો જેમાં પહેલી ગ્રામસભામાં ઉઠાવાયેલા પ્રશ્નોનું નિરાકરણ ન આવે ત્યાં સુધી બીજી ગ્રામસભામાં હાજર ન રહી વિરોધ દર્શાવ્યો હતો. પરિણામે, લોહારીયા ગામના પાણીના પ્રશ્નનો ઉકેલ લાવવા માટે ૨ લાખ રૂપિયા મંજૂર કરી કામગીરી પૂર્ણ કરવામાં આવી. ભલોટ ગામમાં લાંબા સમયથી બગડી ગયેલા રસ્તાની સુધારણા માટે પણ બાંધકામખાતાની મંજૂરી મળી અને નવો રસ્તો બન્યો! તેમજ ગામતળના પ્રશ્નો, બીપીએલ લાભાર્થીઓના પ્રશ્નો પણ ઉકેલાયા. આ ઉપરાંત ગ્રામ્ય વિસ્તારમાં ઉભી થતી કંપનીઓના 'પગપેસારા' સામે પંચાયતના સંગઠને વિરોધ કર્યો. કોઇ પણ કંપનીઓ ગ્રામ્ય વિસ્તારમાં ઉભી કરવાની હોય એ પહેલાં એ અંગે કંપનીએ ગામલોકોને સામેલ કરી સુનાવણી કરવી તેમજ એનઓસી મેળવ્યા બાદ જ આગળની કામગીરી કરવી એવું આ સંગઠને કંપની સંચાલકો સમક્ષ મૂક્યું તેમજ કેન્દ્ર સ્તરે પણ આ અંગેની રજૂઆત સંગઠન દ્વારા કરવામાં આવી છે.

### વેરામાંથી મળ્યું ગ્રામ વિકાસ ભંડોળ

લોહારીયા ગામની ગ્રામ પંચાયતે ગામલોકોને ગ્રામસભામાં વિવિધ કરવેરા ભરી ગામવિકાસમાં ભાગીદાર બનવાની રજૂઆત કરાઇ. લોકો સાથે ગામની ગટર વ્યસ્થા અંગે ચર્ચા કરાઇ અને તેના મરંમત માટે ગામલોકો પોતે જ જો કરવેરા ભરી ભાગીદાર બને તો તેમની જ સમસ્યા દૂર થાય તેવી ચર્ચા કરવામાં આવી. ગામલોકોની સહમતિથી ગત વર્ષથી ગામમાં માસિક ૧૦ રૂપિયા ગટરવેરો શરૂ કર્યો અને એક વર્ષમાં ૭૦ ટકા ગામલોકોએ વેરો ભરી દીધો. વેરાની એકત્રિત રકમમાંથી ગામમાં તુટેલી ગટરોના સમારકામનું કામ કરવામાં આવશે તેમ સરપંચ ધીરજલાલભાઇએ જણાવ્યું હતું. આમ, ગામલોકોની ભાગીદારીથી વિકાસકાર્યો માટે 'ગ્રામ વિકાસ ભંડોળ' મળ્યું.

આમ, વહીવટી તાલીમના કારણે ગ્રામ પંચાયતે કરેલા આયોજનને મળેલી સફળતાથી લોકોમાં પણ ગ્રામપંચાયત તરફ વિશ્વાસ વધ્યો છે. લોહારીયા ગ્રામ પંચાયતે સ્વાયત વહીવટની દિશા તરફ સફળતા પુર્વક ડગ માંડવાના શરૂ કર્યા છે. જો બહુ થોડા શબ્દોમાં કહીએ તો વહીવટી રીતે લોહારીયા ખરા અર્થમાં એક લાખેણું ગામ બન્યું છે.

# સ્થાનિક સ્વશાસને બદલ્યો ગામનો ચહેરો

ખેતી અને પાણી એકબીજાના પર્યાય છે, જો પાણી જ ન હોય તો ત્યાં ખેતી શક્ય છે?! અહીં વાત કરવી છે એક એવા ગામની જ્યાં પાણીની કારમી તંગીને પરિણામે સુષ્ક બનેલી ખેતી અને ખેડૂતોની કપરી પરિસ્થિતિમાંથી ગ્રામ પંચાયતના પ્રયત્નોથી કેવી રીતે પાણીની તંગી ઉલેચાઇ અને ખેતી સાથે ખેડૂતોની સ્થિતિમાં ટકાઉ પરિવર્તન આવ્યું. સૂકા બની ગયેલા વિસ્તારમાં લીલા મોલ લહેરાયા, ખેડૂતો આર્થિક રીતે પગભર બન્યા આ બધી વાત ભુજ તાલુકાના અંતરિયાળ નથ્થરકુઇ ગામની છે. નથ્થરકુઇ જૂથ ગ્રામ પંચાયતના સરપંચ કાનજીભાઇ હરિરામ કાપડીએ પોતાના ગામના બદલાતા ચહેરા અંગે આલેખને માહિતી આપી હતી.

પાંચ ગામોની જૂથ પંચાયતના સરપંચ તરીકેની કામગીરીને પોતાની ફરજ સમજીને શાસન વ્યવસ્થાનું સંચાલન કરતા કાનજીભાઇએ તેમના ગામની પરિસ્થિતિ સાથે પંચાયતના પ્રયત્નોના પરિણામે આવેલાં સકારાત્મક પરિવર્તનો અંગે વાત કરી હતી. '' નથ્થરકુઇ કચ્છનું અંતરિયાળ ગામ છે 'જેણે લાંબા સમયથી પાણીની કારમી તંગી વેઠી છે. મોટા ભાગના ગામલોકોનો મુખ્ય વ્યવસાય ખેતી હોવાને કારણે પાણીની તંગીએ ગામલોકોને રોજગારથી વિખુટા પાડી દીધા હતા. ગામમાં પાણીના અન્ય વૈકલ્પિક સ્ત્રોતોનો અભાવ હોવાથી પેયજળ જેવી પાયાની જરૂરિયાત પણ ગામલોકોને પુરી પાડી શકાતી નહોતી. આ પરિસ્થિતિમાંથી બહાર આવવા માટે ગ્રામ પંચાયતે ગ્રામસભા યોજી ગામલોકો સાથે તેમને નડતા પ્રશ્નો જાણ્યા- સમજ્યા અને તેના ઉકેલ માટેના પ્રયત્નો હાથ ધર્યા. પાયાની સુવિધાઓ માટે ખૂટતી કડીઓ શોધી તેનું નિરાકરણ લાવવાના પ્રયાસો પણ પંચાયતે હાથ પર લીધા. સંસ્થાઓ અને સરકારી વિભાગો સાથે સંકલન કરી 'હરિયાળી ક્રાંતિ', 'વોટરશેડ' જેવી યોજનાઓનું ગામમાં અમલીકરણ કરાવવામાં ગ્રામપંચાયતને સફળતા મળી. વિવિધ યોજનાઓ હેઠળ પાણીના સ્ત્રોતોનું નિર્માણ કરી ગામની પાણીની તંગીને દૂર કરી ખેતીના વિકાસ માટે અનેક કામગીરી કરવામાં આવી જેના પરિણામે ખેતી પર નિર્ભર અનેક ખેડૂત પરિવારો આર્થિક રીતે પગભર બન્યા. આયોજન હેઠળ જળસ્ત્રોતો બનાવવા ઉપરાંત ગ્રામ પંચાયતે ખેડૂતો સાથે ચર્ચા કરી લોકભાગીદારી દ્વારા વોટર રિચાર્જીંગના સ્ત્રોત પણ બનાવ્યા. આ રીતે સામુહિક ભાગીદારીના પરિણામે ગામની પાણીની સમસ્યા ઉકેલાવા સાથે ખેતી આધારિત સમુદાયોની આર્થિક સ્થિતિમાં પણ સુધારો લાવી શક્યા. હવે, પરિસ્થિતિ એવી છે કે જ્યાં ખુદ ખેડૂતો પાસે કોઇ કામ નહોતું આજે એ જ ખેડૂતો અન્ય ગામથી ખેતમજૂરો બોલાવી તેને વેતન આપવા માટે સક્ષમ બન્યા છે.''



અંદાજે પાંચ વર્ષમાં પાણીના સ્ત્રોતોમાં તળાવ, ચેકડેમ, ખેત તલાવડી માટે સરકારી યોજનાઓ માટે બજેટ બનાવીને સોંપાયા હતાં જે માટે સરકારી ગ્રાન્ટ મંજૂર થતાં ૩ કરોડ રૂપિયાથી વધુ રકમના વિકાસકાર્યો નથ્થરકુઇ ગામમાં કરવામાં આવ્યા. ભૂકંપ પહેલાં જે કરવેરા ૫ કે ૧૦ રૂપિયા હતા તે હવે વધારીને ૫૦ કરવામાં આવ્યા પરંતુ ગામલોકોને સાથે રાખીને આ નિર્ણય લેવાયો હોઇ વધારો સ્વીકાર્ય બન્યો. હાલમાં ગામલોકો સ્વયંભુ રીતે સમયસર

કરવેરા ભરે છે અને જેના દ્વારા ગ્રામ પંચાયત પાસે ૧ લાખ રૂપિયાથી પણ વધુ ભંડોળ એકત્રિત થઇ ગયું છે.

કચ્છ નવનિર્માણ અભિયાન સંસ્થા તરફથી નથ્થરકુઇ ગ્રામ પંચાયતને ફાળવાયેલા ગ્રામ શાસન ભંડોળમાંથી ગામમાં થયેલી કામગીરી અંગે કાનજીભાઇ કાપડીએ કહ્યું હતું કે, ગ્રામ પંચાયતને ફાળવવામાં આવતાં ભંડોળમાંથી જે કાર્યો નથી થઇ શકતાં તે કાર્યો અભિયાન તરફથી મળેલા ભંડોળ માંથી કરવામાં આવે છે. આ VGF માંથી પંચાયતે ગામમાં પ્રાથમિક સારવાર કેન્દ્રનું સંચાલન શરૂ કર્યું છે જેમાં ગામના દર્દીઓને તાત્કાલિક પ્રાથમિક સારવાર મળી રહે છે. ગ્રામ પંચાયતને સરકાર તરફથી મળતા ભંડોળમાંથી જેટલા વિકાસ કાર્યો થાય છે તેના ઉપરાંત એ કામગીરીથી ઉભી થયેલી સગવડોને સાચવવા માટેની કામગીરી સંસ્થા તરફથી મળેલા ગ્રામ શાસન ભંડોળમાંથી કરતા હોવાનું તેમણે જણાવ્યું હતું.

ગ્રામ પંચાયતની કામગીરીમાં ગ્રામસભા, વોર્ડ મીટિંગ, લોકભાગીદારી, બહેનોને સમાજમાં આગળ લાવવી જેવી અનેક કામગીરીઓમાં પંચાયતને અભિયાન-સેતુ દ્વારા નોંધપાત્ર સહકાર અપાય છે. સરકાર, સ્વૈચ્છિક સંસ્થા અને ગામલોકોનો જો સહિયારો સહકાર મળે તો કોઇ પણ ગામ નંદનવન બની શકે તેવું માનતા કાનજીભાઇએ સરપંચ અને પંચાયતની વ્યાખ્યા આપતાં કહ્યું કે, લોકોને સાથે રાખીને, નાતજાતના ભેદભાવ વિના એક નાગરિક તરીકે ગામના વિકાસનું કામ કરતા પ્રતિનિધિઓ દ્વારા ચાલતું સ્વશાસન એટલે પંચાયત...!

આમ, જે રીતે નથ્થરકુઇની જૂથ ગ્રામ પંચાયતની વિકાસશીલ કામગીરીના પરિણામે ગામલોકો પાયાની સુવિધા મેળવી શકયા, ખેડૂતો પગભર થયા એ જ રીતે કોઇ પણ ગામમાં ગ્રામ પંચાયતનું સુચારૂ વ્યવસ્થાપન આખા ગામનો ચહેરો બદલાવવા સક્ષમ બની શકે છે.

# પંચાયતી રાજ અને મહિલા ભાગીદારી

વર્ષ ૧૯૯૨માં પંચાયતીરાજના કાયદામાં ક્રાંતિકારી સુધારો આવ્યો જેને આપણે ૭૩મા બંધારણીય સુધારા તરીકે જાણીએ છીએ. આ બંધારણીય સુધારાની પંચાયતી રાજના સંદર્ભમાં ખૂબ જ ઉપયોગીતા હતી કારણ કે આ સુધારામાં અતિ મહત્વપૂર્ણ જોગવાઇઓ અંતર્ગત ત્રણેય સ્તરની પંચાયતોમાં મહિલાઓ માટે ૩૩ ટકા અનામત બેઠકોની જોગવાઇ કરવામાં આવી. એટલે કે એમ કહી શકાય કે મહિલાઓને પણ રાજનીતિના દ્વાર ખખડાવવા માટે આ સુધારાએ તક આપી.

આ સુધારાના અમલથી ઘણી મહિલાઓએ રાજકીય ક્ષેત્રે નામના મેળવી પણ હજુ પણ પિતૃસત્તાક સમાજમાં આ માટે ઘણા પરિવર્તનોને અવકાશ છે. આપણે જાણીએ છીએ કે પિતૃસત્તાક સમાજ વ્યવસ્થામાં અને આપણી સંસ્કૃતિમાં હ્રમેશાં નિર્ણય લેવાનો અધિકાર પોતાનાથી મોટા અથવા ઉંચા લોકોના હાથમાં આપી દેવાનો રિવાજ છે, જેને લઇને નિરક્ષર-ભણેલને, જનતા-સરકારને તથા સ્ત્રી-પુરુષોને પોતાનાથી ઉંચા માને છે. આવી બાબતો સ્ત્રીઓને તેમના ઘડતરથી જ શિખવવામાં આવે છે.

વળી, પંચાયતમાં રહેલી મહિલાઓ ઉપર ઘરકામની જવાબદારી, સામાજિક વ્યવહારોની જવાબદારી, બાળકોને સંભાળવાની જવાબદારી જેવી અનેક જવાબદારીઓ તો હોય જ છે. આ કામોના મૂલ્યની ગણના થતી નથી. એટલે એમ કહી શકાય કે મહિલાઓને બંધારણીય સુધારાએ નેતૃત્વ માટે એક તક તો આપી પણ તે મુજબ કાર્યાન્વીત થવા માટે સમાજે યોગ્ય વાતાવરણ પણ ઉભું કરવું પડશે.



# પગભર બનતું સઈ ગામ...

પશુ આરોગ્ય, પીવાનું પાણી જેવી પશુઓ અને મનુષ્યોને નડતી અનેક સમસ્યાઓ કચ્છના અંતરિયાળ ગામડાઓ માટે નડતરરૂપ બનતી જ હોય છે, ત્યારે આવી સમસ્યાઓમાંથી ગામને બહાર લાવવા તેમજ સ્થાનિક સ્વશાસન દ્વારા ગામને વિકાસના માર્ગે દોરવાની જવાબદારી ગ્રામ પંચાયતની રહે છે. આ તમામ જવાબદારીઓ નિભાવી પોતાના ગામને સુવિધાઓથી યુકત ગામ બનાવવામાં સફળ એવી રાપર તાલુકાની સઇ ગ્રામ પંચાયતની વાત અહીં કરવાની છે.

રાપર તાલુકાના સઇ ગામની પરિસ્થિતિ લાંબા સમય સુધી અનેક સમસ્યાઓથી ઘેરાયેલી રહી હતી. અંતરિયાળ ગામોમાં સુવિધાઓ પુરી પાડવી ખરી મહેનત માંગી લે છે, પરંતુ ગામલોકો અને પંચાયતની સામુહિક ભાગીદારી કોઇ પણ સમસ્યાને દૂર કરવા માટે સક્ષમ બની શકે છે. આવી જ પરિસ્થિતિમાંથી પસાર થઇ ચૂકેલા સઇ ગામના સરપંચ મુળજીભાઇ ઘેલાભાઇ રાવળિયાએ ગ્રામ પંચાયતના પ્રયત્નો અને સેતુના માર્ગદર્શનથી ગામની સુવિધાઓમાં આવેલાં પરિવર્તન અંગે આલેખન સાથે વાત કરી હતી. ગામની સમસ્યાઓ અંગે તેમણે કહ્યું કે, 'અમારું સઇ ગામ ડુંગરાળ વિસ્તારમાં આવેલું હોવાથી પાયાની જરૂરિયાતો પણ ખૂબ જ મુશ્કેલીથી મળી રહે છે. પશુપાલન ગામનો મુખ્ય વ્યવસાય છે ત્યારે પશુ સારવાર અનિવાર્ય હોય છે પરંતુ પહેલાં પશુની સારવાર કરાવવા માટે ફરજીયાત ગામથી ૨૦ કિ.મી. દૂર જવું પડતું. ભૂકંપ બાદ ગામમાં રાશનકાર્ડ બન્યા ન હોવાથી લોકોને નવા રાશનકાર્ડ બનાવવા, નામ ઉમેરવા જેવા પ્રશ્નોનો સામનો કરવો પડતો. બીજી તરફ ગામના સ્થાનિક કુદરતી સંસાધનોની જાળવણી પણ થતી ન હોવાથી પશુઓ તેમજ ગામલોકોમાટે ભારે મુશ્કેલી હતી. આ સમસ્યાઓને હળવી બનાવવાના પ્રયત્નો ગ્રમ વિકાસ આયોજન વર્ષ ૨૦૦૯-૧૦માં કરવામાં આવ્યા અને તેમાં સઇ ગ્રામ પંચાયતને નોંધપાત્ર સફળતા પણ મળી.'

સેતુ સાથે મળીને સઇ ગ્રામ પંચાયતે ગામમાં વોર્ડ વાર મીટિંગ કરી અને ગામલોકોને વી.જી.એફ.ની સમજ આપી તેના દ્વારા ગ્રામ વિકાસ માટે કઇ રીતે કામગીરી કરી શકાય તેની સમજ આપવામાં આવી. ખાસ કરીને મહિલાઓના પ્રશ્નો જાણવા માટે પંચાયતે ગામની મહિલાઓ સાથે પણ બેઠકો યોજી તેમજ ગામના પી.આર.એ.માં પણ મહિલાઓને જોડવામાં આવી. ગામલોકો સાથે થયેલી મીટિંગ બાદ નિષ્કર્ષ સ્વરૂપે બહાર આવેલી સમસ્યાઓના મુદ્દાઓને નોંધી તેના ઉકેલ માટે ગ્રામસભા યોજી આયોજન કરવામાં આવ્યું અને નાણાકીય વ્યવસ્થા માટે દાતાઓ તેમજ સંસ્થાઓ માટે પ્રસ્તાવ તૈયાર કરવામાં આવ્યો. સર્વાનુમતે પસાર થયેલા ઠરાવ બાદ ૨૭ મુદ્દાઓનું આયોજન પત્ર ગ્રામસભામાં પંચાયતને સોંપવામાં આવ્યું. આ આયોજન બાદ પંચાયત અને સેતુ દ્વારા રચવામાં આવેલીપહેલી સ્ટીયરીંગ કમીટીએ અભિયાનને પ્રસ્તાવ રજૂ કર્યો જેના સહકારમાં કમીટીને ૫૯,૫૦૦ રૂપિયા તથા બીજી સ્ટીયરીંગ કમીટીને ૧,૨૨,૪૦૦ રૂપિયાની રકમ ફાળવવામાં આવી.



સઇ ગ્રામ પંચાયતના સુચારૂ આયોજન અને ગુણવંતભાઇ શાહ જેવા દાતાઓ તેમજ અભિયાન તરફથી મળેલા ગ્રામ વિકાસ ભંડોળમાંથી ગામમાં નોંધપાત્ર વિકાસ કાર્યો કરવામાં આવ્યાં. જેમ કે, ખારીચાવાંઢ અને વેલાપરની પાણીની સમસ્યા ઉકેલાઇ, ગામના ૩૬ પરિવારોએ રાશનકાર્ડ મેળવ્યા, તળાવ પુનર્વસન, એલ.જી.એસ.એસ.ના આધારે ૩૦ નવા મતદારો નોંધાયા તેમજ ૬૧૩ હાઉસ પરિવારોનો ડેટાબેઝ ઉભો થયો, વંચિત સમુદાયોને સરકારી યોજનાઓના લાભ મળતા થયા. આ પ્રકારના સુનિશ્ચિત આયોજનના પગલે ગ્રામ પંચાયત પારદર્શક વહીવટ કરવાની સાથે ગ્રામસભામાં હિસાબો રજૂ કરતી થઇ તેમજ ખાસ કરીને ગ્રામવિકાસના આયોજનમાં ગામની મહિલાઓ પણ તેમનું યોગદાન આપતી થઇ. દાતા અને સરકારશ્રી સાથેના સંકલન દ્વારા સઇ પંચાયતે કુલ્લ ૧૭,૬૬,૮૨૫ રૂપિયાના કામો થયા હોવાનું સઇના સરપંચ મુળજીભાઇએ જણાવ્યું હતું.

પંચાયતની નવી સમિતિ પણ હાલની પંચાયતે બનાવેલા આયોજનને આગળ ચલાવે તે માટે સઇ ગ્રામ પંચાયત દ્વારા ગ્રામસભામાં ઠરાવ કરાવ્યો હોવાની વાત કરતાં મુળજીભાઇએ ગામના નવા પ્રતિનિધિઓ ગામનું સુકાન સંભાળે અને સેતુ, સરકાર અને દાતાઓ સાથે સંકલિત રહી ગામનો વધુને વધુ વિકાસ કરે તેવી લાગણી વ્યકત કરી હતી.

# પંચાયત : મર્યાદિત સત્તાઓ વચ્ચે અનેકવિધ જવાબદારીઓ

પુરાતન કાળમાં જયાં માનવ વસાહતો હતી એ સ્થળોથી આજે તેના પુરાવા સમા અવશેષો મળી રહ્યા છે. આ અવશેષોમાં એ સમયની રહેણી કરણી, વેશભુષા અને આજીવિકા સાથે સમાજ દ્વારા ચલાવાતી શાસન વ્યવસ્થાના પુરાવા પણ મળ્યા છે. સુચારૂ શાસન સચાવવા માટે તેના તમામ આયોજન અને અમલીકરણ સ્થાન્કિ લોકોના હાથમાં હોવું જોઇએ એવી સમજ રાજાશાહીના સમયમાં પણ હતી. ત્યારના સમયમાં પણ જાગીરદારોને અમુક સતાઓ હતી તથા પંચ પ્રથામાં પણ ગામ સ્તરના ઘણા નિર્ણયો ત્યાં જ લેવાતા. અલબત્ત આ પ્રથાના સારા નરસા બન્ને પાસા હતાં.

બ્રિટીશ શાસનના સમયમાં પણ ૧૯૦૭માં રૉયલ કમિશને વિકેન્દ્રીકરણની નોંધ લીધી અને ૧૯૨૦માં મુંબઇ પંચાયત વિલેજ એકટ અમલમાં આવી. સ્વતંત્રતા બાદ બંધારણ સભામાં પંચાયતીરાજની ફરજીયાત જોગવાઇ થવી જોઇતી હતી તેને બદલે તેને આર્ટીકલ ૪૦ હેઠળ પંચાયતો રચવાનું રાજય સરકારની મંજુરી પર છોડી દેવામાં આવ્યું. પરંતુ જયારે સરકારને સમજાયું કે પંચાયતી રાજ વ્યવસ્થા ખૂબ જ અગત્યની છે ત્યારે ૧૯૫૬માં બળવંતરાય મહેતા સમિતિની રચના કરી અને આ સમિતિ તથા અન્ય રચાયેલી સમિતિઓની ભલામણોના આધારે જુદા જુદા નિયમો અમલમાં આવ્યા તેમ છતાં આખા દેશમાં પંચાયતી રાજના સંદર્ભમાં કોઇ એકરૂપતા જોવા મળતી ન હતી.

આપણા ગુજરાત રાજયમાં પણ ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૬૧ ઘડવામાં આવ્યો જે ૧લી એપ્રિલ ૧૯૬૩થી ગુજરાતમાં તથા ૧૫ એપ્રિલ ૧૯૬૩થી કચ્છમાં પણ અમલમાં આવ્યો. ૧૯૯૨માં સંસદ દ્વારા પસાર થયેલા ૭૩માં બંધારણીય સુધારાના પરિણામે તમામ રાજયોને પોતાનો પંચાયત અધિનિયમ ઘડવા સુચના આપવામાં આવી જેના અનુસંધાને ગુજરાત વિધાન સભાએ ઓગસ્ટ ૧૯૯૩માં આ સુધારો બહુમતિથી પસાર કર્યો અને ૧૫ એપ્રિલ ૧૯૯૪થી ગુજરાતની પંચાયતોમાં પણ અમલમાં આવ્યો. ૭૩માં બંધારણીય સુધારાને પરિણામે આખા દેશમાં પંચાયતી રાજના મુદ્દે અમુક બાબતો ફરજીયાત બની જેમાં દર ૫ વર્ષે ફરજીયાત ચુંટણી, પંચાયત ચૂંટણીઓ માટે રાજય ચૂંટણી પંચની રચના, ત્રિસ્તરીય પંચાયતી માળખું, પંચાયતી રાજના ત્રણેય સ્તરમાં સામાજિક ન્યાય સમિતિની રચના, જ્ઞાતિ જાતિ પ્રમાણે અનામત ગ્રામસભાને લઘુ સંસદનો દરજજો તથા અનુસુચિ ૧૧ મુજબ પંચાયતોને ૨૯ વિષયોની સોંપણી જેવી બાબતો મુખ્ય છે.



ગુજરાતમાં બંધારણ અનુસુચિ ૧૧ મુજબ કુલ્લ ૩૦ વિષયોની કામગીરી પંચાયતને સોંપવાનો ઠરાવ કરેલ છે. આ ૩૦ વિષયોમાંથી રાજય સરકારના કહેવા પ્રમાણે ૧૫ વિષયો સંપૂર્ણ પણે તથા ૫ વિષય આંશિક રીતે પંચાયતને સોંપાયેલા છે જયારે બાકીના વિષય કોઇ પણ સ્તરની પંચાયતે સોંપવામાં આવ્યા નથી. જે વિષયો પંચાયતોને સંપૂર્ણ રૂપથી સોંપાયા છે તેમાં પણ નાણા, માળખું અને વહીવટ તથા વહીવટી કર્મચારીઓ વગેરે બાબતોની સોંપણી જોવા મળતી નથી. જે વિષયો આંશિક રીતે સોંપાયા છે તેમાં પણ મોટા ભાગે રખેવાળ તરીકેની ભૂમિકા જ જોવા મળે છે.

ભારત ખેતીપ્રધાન દેશ છે અને ૭૦ ટકા વસ્તી ગામડામાં વસે છે ત્યારે મહાત્મા ગાંધીનાં સ્વપ્નનું ભારત 'ગ્રામ સ્વરાજ' લાવવું હોય તો પંચાયતી રાજના સૌથી નીચેના એકમ ગ્રામ પંચાયતને પાયાનું એકમ ગણી વધુ સત્તાઓ અને કાર્યો સોંપાવા જોઇએ. પરંતુ જે વિષયો પંચાયતને સોંપવામાં આવ્યા છે તે જિલ્લા કે તાલુકા સુધી મર્યાદિત બની ગયા છે. ગ્રામ પંચાયત સ્તરે આ વિષયોની જાણકારીનો અભાવ જોવા મળે છે. સુચારૂ સ્વશાસન માટે આ તમામ ૩૦ વિષયોની સોંપણી તેમજ પંચાયતોને તેની જાણકારી ખૂબ જ અનિવાર્ય છે.

## ગ્રામ પંચાયતો માટેના ૩૦ વિષયોનું વર્ગીકરણ

ગુજરાત બંધારણની અનુસુચિ ૧૧ મુજબ કુલ્લ ૩૦ વિષયોની કામગીરી ગ્રામ પંચાયતને સોંપવાની હોય છે. અહીં એ ૩૦ વિષયોમાંથી ગ્રામ પંચાયતોને કેટલા વિષયો પૂર્ણરૂપે, કેટલા આંશિકરૂપે તેમજ કેટલા અને કયા વિષયોની સોંપણી કરાઇ નથી તેનું વર્ગીકરણ દર્શાવવામાં આવ્યું છે.

**પંચાયતોને પૂર્ણરૂપે સોંપાયેલા ૧૫ વિષયો :**

કૃષિ-કૃષિ વિસ્તરણ - લઘુસિંચાઇ, પાણી વપરાશ વ્યવસ્થા, વોટરશેડ ડેવલપમેન્ટ - પશુ સંવર્ધન, ડેરી, મરઘા પાલન - ગૌણ વન પેદાશો - ગ્રામ ગૃહ નિર્માણ - પીવાનું પાણી - બળતણ(ઉર્જા) અને ઘાસચારો - રસ્તા, નાળા, પુલિયા અને જળવહન યાતાયાત - ગરીબી નાબૂદી કાર્યક્રમ - મેળા અને બજાર - આરોગ્ય, સફાઇ, હોસ્પિટલ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, દવાખાના - કુટુંબ કલ્યાણ - માતૃ અને બાળ કલ્યાણ - જાહેર વિતરણ વ્યવસ્થા - રખડતા ઢોરો માટે વ્યવસ્થા (ગુજરાત સરકારે ઉમેરેલ છે.)

**આંશિક રૂપે સોંપાયેલા ૫ વિષયો :**

પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ - ઓડિટ અને અનૌપચારિક શિક્ષણ - સાંસ્કૃતિક બાબતો - સમાજ કલ્યાણ, વિકલાંગો, શારીરિક-માનસિક રોગીઓ અંગેના કાયદા - સામુદાયિક અને જાહેર મિલ્કતોની વ્યવસ્થા.

**પંચાયતોને ન સોંપાયેલા ૧૦ વિષયો :**

જમીન સુધારણા, નવસાધ્ય, સુધારણા, કાયદાઓ, સંરક્ષણ, ટૂકડા એકત્રિકરણ - મત્સ્ય ઉછેર - સામાજિક વનીકરણ અને વૃક્ષ ઉછેર - નાના ઉદ્યોગો અને કૃષિ ઉત્પાદનો ખોરાક માટેની પ્રક્રિયા સહિતના - ખાદી અને કુટિર ઉદ્યોગ - ગ્રામ વિજળીકરણ અનતે વિતરણ - બિનપરંપરાગત ઉર્જા સ્ત્રોતો - ટેકનીકલ અને વ્યવસાયિક શિક્ષણ - પુસ્તકાલયો - નબળા વર્ગોના કલ્યાણની બાબતો ખાસ અનુસુચિત જાતિ-આદિ જાતિ કલ્યાણ.

## શાસનથી આત્મશાસન સુધી

૭૩માં બંધારણીય સુધારાથી ત્રિ-સ્તરીય પંચાયતી રાજ વ્યવસ્થા અમલમાં આવી. આ બહુમુલ્ય સુધારાથી પાયાની લોકશાહીને મજબુત બનાવવા ઘણી આશાઓ ફળીભુત થઇ છે. આ આશાને અમલી કરવા માટે એ પ્રમાણેની વ્યવસ્થાઓ ગોઠવાય તો ખરેખર ગાંધીજીની ગ્રામ સ્વરાજની પરિકલ્પના સાર્થક કહેવાશે. પંચાયતોને કામો સોંપવા ઉપરાંત તે માટેની સત્તાઓ સોંપવા પર વિશેષ ભાર મૂકવામાં આવે તો સોનામાં સુગંધ ભળશે અને તેની સાથે સ્થાનિક સ્વશાસનને આત્મશાસન સુધી પહોંચાડવાનું પ્રોત્સાહન આપવા માટે સમર્થક વાતાવરણ ઉભું કરવાના સજાગ પ્રયત્નો કરવા પડશે.

**-મનીષ આચાર્ય**
**(પંચાયત કો-ઓર્ડીનેટર)**

## ગ્રામ પંચાયતના વહીવટને કેવી રીતે અસરકારક બનાવી શકાય ?

૭૩માં બંધારણીય સુધારાની અનુસુચિ ૧૧ મુજબના તમામ ૩૦ કાર્યો અને વિષયો પંચાયતને સોંપાય. જે કાર્ય કે વિષય પંચાયતને આપવામાં આવે તેના માટેનું માળખું, નાણા વહીવટી સત્તઓ કર્મચારીઓને સંપૂર્ણપણે આપવામાં આવે.
ગ્રામ પંચાયત સ્તરે વિશ્વાસ મુકવો અને તેના ક્ષમતાવર્ધનનું માળખું મજબુત બનાવવું.
પંચાયતી રાજની સંસ્થાઓ માટે કાર્ય જવાબદેહી ચોકકસ પદ્ધતિ બનાવવી અને સારાકાર્ય માટે પ્રોત્સાહન તેમજ ગેરરીતી માટે દંડની જોગવાઇ કરવી.
જિલ્લા, તાલુકા અને ગ્રામ પંચાયતસ્તરે કાર્યની વહેંચણી કરવી.
પંચાયતોના સ્વભંડોળનું સંચાલન કરવાની સંપૂર્ણ જવાબદારી પંચાયત સ્તરે જ રાખવી.
ગ્રામ પંચાયત આયોજન, બજેટ અને નિયમનની તમામ સત્તા ગ્રામ પંચાયતને આપવી.
દરેક પંચાયત માટે મંત્રીની ફરજીયાત અને તલાટીની જરૂરીયાત પ્રમાણે નિમણુંક કરવી.
ભૌગોલિક વિસ્તાર મુજબ એક સમાન પરિસ્થિતિ ધરાવતી પંચાયતોનું ગ્રુપ બનાવી તેમને કલસ્ટર લેવલે માન્યતા આપી જરૂરી કર્મચારી પુરા પાડવા.
સરકારી વિભાગોનાં કાર્યોમાં પંચાયત પાસેથી ફકત ના-વાંધા પ્રમાણપત્ર જ ન લેવું પણ પંચાયતની દેખરેખ અને તેના અહેવાલ પ્રમાણે પગલા લેવાનું ફરજીયાત બનાવવું.

**-અબ્દુલ ગની**
**(પંચાયત આસી. કો-ઓર્ડીનેટર)**

## આંગળીના ટેરવે રમતી ટેકનોલોજી !

ભારત દેશ ટેકનોલોજીના ક્ષેત્રે હરણફાળ ભરી રહ્યો છે ત્યારે ઇન્ટરનેટનો ઉપયોગ કરતો વિશ્વના ચોથા ક્રમનો દેશ બનેલા ભારતમાં ટેકનોલોજી લોકોના આંગળીના ટેરવે રમતી થઇ ચૂકી છે. ભારતીય બંધારણમાં ગ્રામપંચાયતોને બંધારણીય દરજ્જો મળેલો છે ત્યારે ગ્રામ પંચાયત સ્તરે, નાગરિક સુવિધાઓ અને પારદર્શિતા વધારવા માટે માહિતી સંચાર તકનિક મહત્વનો ભાગ ભજવી શકે છે. પરંતુ, હાલમાં ગ્રામ પંચાયત સ્તરે વિકાસશીલ આયોજન બનાવવા માટે આઇ.સી.ટી.ના સંસાધનો વિકસાવવા માટે પ્રોત્સાહન આપવામાં આવ્યું નથી.
સેતુ દ્વારા ૨૯ ગ્રામ પંચાયતોને ફેસબુક, સ્કાયપી, ગુગલ, યુ-ટ્યૂબ, બ્લોગ જેવી નવી ટેકનોલોજી સાથે જોડવામાં આવી છે. પરિણામે પંચાયતો પોતાના કાર્યો, વિકેન્દ્રિત આયોજન તેમજ વિકાસના મુદ્દાઓ વેબસાઇટ પર મૂકતી થઇ છે. હાલમાં અંજાર-ગાંધીધામ, રાપર અને બન્ની ગ્રામ પંચાયતોએ તો તેમના સંગઠનની વેબસાઇટ પણ બનાવી છે. આ માધ્યમ દ્વારા કચ્છની ગ્રામ પંચાયતો બહારની પંચાયતો અને અન્ય જિલ્લાઓ સાથે કામગીરી બાબતે માહિતીની આપ-લે કરવા સક્ષમ બની છે. ટેકનોલોજીએ ગ્રામ પંચાયતો માટે એક અંગ્રેજી કહેવત "REACH TO UNREACH" ને સાચી ઠરાવી છે.

**-અસ્લમ જુણેજા**
**(ICT કો-ઓર્ડીનેટર)**

# 'મતદાતા જાગૃતિ અભિયાન' સ્વૈચ્છિક સંસ્થાઓનો સહિયારો પ્રયાસ

ગામના વિકાસ માટે ગામલોકો જ પોતાના પ્રતિનિધિને ચુંટે અને વિકાસ માટે જવાબદાર બનાવે તે માટેની લોકશાહીની જીવંત પ્રક્રિયા એટલે ચુંટણી ! ચુંટણીની આ પ્રક્રિયા માટે આપણા બંધારણના ૭૩માં સુધારાથી દર ૫ વર્ષે ચૂંટણી કરવાનું ફરજીયાત છે. ગ્રામ પંચાયતની ચુંટણીઓ વખતે ઉમેદવારી કરવા ઇચ્છતા લોકોને પુરતી માહિતી નથી હોતી તથા ગ્રામ્ય વિસ્તારોમાં મોટા ભાગે વિકાસના મુદ્દાઓને બદલે પરંપરા અને આગેવાનીને આધારે ઉમેદવારી કરતા લોકો જોવા મળે છે. આ બાબતોના આધારે ૨૦૦૬માં ગ્રામ પંચાયતની ચુંટણીઓના સમયે ગુજરાત સ્તરે સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા 'પ્રિ ઇલેકશન વોટર અવેરનેસ કેમ્પેનીંગ' ચલાવવામાં આવ્યું હતું જેના પરિણામે ગામલોકો અને ચુંટણીમાં ઉભવા ઇચ્છતા ઉમેદવારો માહિતગાર બન્યા હતા.

ગુજરાતની ૧૦,૫૦૯ ગ્રામ પંચાયતોની ૨૦૧૧માં થયેલી ચુંટણીઓને સંદર્ભમાં રાખી ૨૦૦૬ના અનુભવોને આધારે ગત વર્ષના જુલાઇ માસથી જ ચુંટણી પૂર્વે મતદાતાઓમાં જાગૃતિ લાવવા 'મતદાતા જાગૃતિ અભિયાન સ્વૈચ્છિક સંસ્થાઓનો સહિયારો પ્રયાસ'ના નેજા હેઠળ ચલાવાયું. રાજ્ય સ્તરના આ પ્રયાસમાં ગુજરાતના કુલ ૬૮ તાલુકામાં આ પ્રક્રિયા માટે ૪૮ સ્વૈચ્છિક સંસ્થાઓએ જવાબદારી સ્વીકારી. કચ્છ જિલ્લામાં કુલ ૬૧૪ ગ્રામ પંચાયતોમાંથી મોટા ભાગની એટલે કે ૪૭૫ પંચાયતોમાં ચુંટણી હોવાથી કચ્છની સંસ્થાઓએ પણ મતદાતા જાગૃતિની કામગીરી કરવાની જવાબદારી ઉપાડી લીધી હતી.

કચ્છ નવનિર્માણ અભિયાનના સેતુ કેન્દ્રો તેમના કાર્યવિસ્તારમાં ઉંડાણ પૂર્વક કાર્યરત હોવાને કારણે ચુંટણી સંદર્ભના જાગૃતિ કાર્યક્રમ માટે પંચાયત ચુંટણીમાં 'ગ્રામ વિકાસ ચુંટણી ઢંઢેરો' પંચાયત સ્તરે જ જાહેર થાય અને ગ્રામસભા પોતાનું આયોજન બહાલ કરી તેના આધારે જ ઉમેદવાર બનાવે એ મુદ્દાને પણ આવરી લીધો. આ કામગીરી હેઠળ ૧૪ પંચાયતોએ ગામની માહિતી અને વોર્ડ, ફળિયાની સભાઓમાં કરેલા પી.આર.એ.ના આધારે બનાવેલ પંચવર્ષીય આયોજનને બહાલી આપી તેને આવતી નવી પંચાયત બોડી પણ અનુસરે તેવા ઠરાવો ગ્રામસભામાં પસાર કરાવ્યા.

સેતુ કેન્દ્રો દ્વારા મતદાતા જાગૃતિલક્ષી પ્રચાર પ્રસાર માટે વિવિધ પ્રકારે કામગીરી કરવામાં આવી હતી. આ કામગીરીમાં ચુંટણીલક્ષી પંચાયત મિત્ર વિતરણ, સીડી



શો, પોસ્ટર-પેમ્પલેટનું વિતરણ, ભીંત સુત્રો, લાઉડ સ્પીકર દ્વારા પ્રચાર, તાલીમો તેમજ ચુંટણી માહિતી કેન્દ્રોમાં સ્ત્રી-પુરુષના કુલ્લ ૨૮૩ ફોર્મ ભરવામાં આવ્યા હતા. જેમને જાતિ પ્રમાણપત્ર મેળવવામાં મુશ્કેલી પડતી હતી તેમને પ્રમાણપત્ર કઢાવવામાં મદદ કરી તેમજ ઉમેદવારોના ઇ સ્ટેમ્પીંગ કરાવી ફોર્મ ભરવામાં પણ સેતુ મદદગાર બન્યું હતું. સેતુ ઉપરાંત મહિલા સ્વરાજ અભિયાન સંસ્થા, કચ્છ મહિલા વિકાસ સંગઠન, સુશાસીની મંચ તેમજ તાલુકા મહિલા મંચ પણ મતદાતા જાગૃતિ કાર્યક્રમમાં સક્રિય રહ્યા હતા અને મામલતદાર કચેરી તથા તાલુકા પંચાયત તરફથી પણ યોગ્ય સહકાર સાંપડયો હતો.

**'જાગૃતિ કાર્યક્રમના મુખ્ય હેતુઓ'**

- ગામ સ્તરે તંદુરસ્ત ચુંટણી પ્રક્રિયા થાય અને યોગ્ય ઉમેદવારી નોંધાય.
- મતદારો યોગ્ય ઉમેદવારોને ઓળખી પોતાના મતનું મહત્વ સમજે.
- મહિલાઓ, વંચિતો અને અલ્પસંખ્યકો ચુંટણી પ્રક્રિયામાં નિર્ણાયક ભૂમિકા નિભાવે.
- સામાન્ય બેઠકો પર મહિલાઓ અને વંચિતોની ઉમેદવારી વધે.
- ચુંટણી સબંધિત ગેરરીતિઓ અટકાવવા લોકોને માહિતગાર કરવા.
- ચુંટણીલક્ષી કાયદા અને નીતિનિયમોની જાણકારી લોકો સુધી પહોંચે.

# 'હેલ્લો સખી' હેલ્પલાઈનને મળ્યું રાષ્ટ્રીય બહુમાન

સામાજિક અને કૌટુંબિક સમસ્યાઓના ઉકેલ માટે ટેકનોલોજીનો ઉપયોગ કેવી રીતે ફળદાયી નિવડે છે તેનું જીવંત ઉદાહરણ ભુજની કચ્છ મહિલા વિકાસ સંગઠન



સંસ્થાએ પુરું પાડ્યું છે. ટેકનોલોજીના સ્તુત્ય ઉપયોગ દ્વારા આ સંસ્થાએ સમાજમાં મહિલાઓ પર થતા અત્યાચારોને નાથવા માટે 'હેલ્લો સખી' હેલ્પલાઈનના સ્વરૂપમાં કરેલી પહેલને રાષ્ટ્રીય સન્માન પ્રાપ્ત થયુ છે.

૧૦ વર્ષથી ટેકનોલોજી સાથે એશિયા ખંડના તમામ દેશોમાં કાર્યરત ડિઝીટલ એમ્પાવરમેન્ટ ફાઉન્ડેશન-દિલ્હી સાથે એસોસીએટ વૉડાફોન ફાઉન્ડેશને વર્ષ ૨૦૧૧માં ''વુમન ઈનોવેશન ફોર મોબાઈલ એવૉર્ડ ૨૦૧૧'' જાહેર કર્યો. આ એવૉર્ડમાં ટેકનોલોજીના માધ્યમથી મહિલાઓના જીવનમાં કોઈ આમોલ પરિવર્તન આવ્યું હોય તેના માટે નાણાકિય સહાય સહિતનો 'વીન એવૉર્ડ' જાહેર કર્યો હતો. જેમાં મુખ્ય ત્રણ કેટેગરી નકકી કરાઈ હતી, એજયુકેશન, ઈકોનોમિક એમ્પાવરમેન્ટ તથા હેલ્થકેર એન્ડ ફેમીલી. ભારતભરમાંથી લીગલ એજ્યુકેશનની કેટેગરીમાં કુલ્લ ૯૩ અરજીઓ આવી હતી જેમાં ફાઈનલ કરાયેલી ૧૨ અરજીમાં કચ્છની 'હેલ્લો સખી' હેલ્પલાઈનની અરજી પસંદ કરવામાં આવી હતી. ઈન્ડિયા હેબીટેડ સેન્ટર, દિલ્હી ખાતે ડિઝીટલ ફાઉન્ડેશન તથા વૉડાફોન ફાઉન્ડેશન દ્વારા નિયુકત નિર્ણાયક સમિતિ સમક્ષ વીન એવૉર્ડ માટે ૧૨ અરજીઓનું પ્રેઝન્ટેશન કરાયું હતું જેમાં 'હેલ્લો સખી'ને વિજેતા જાહેર કરવામાં આવી હતી.

દિલ્હી ખાતે ૨જી ડિસેમ્બરે આયોજિત એવૉર્ડ એનાયત સમારોહમાં એજ્યુકેશન કેટેગરીનો એવૉર્ડ 'હેલ્લો સખી'ને એનાયત કરાયો હતો જેમાં ૧૩ લાખ રૂપિયાનો ચેક, એક કોમ્પ્યુટર તથા પ્રમાણપત્ર સામેલ હતા. કચ્છ મહિલા વિકાસ સંગઠનના ડાયરેકટર પ્રીતિબેન સોની, મીનાબેન રાજગોર, માલશ્રીબેન ગઢવી, કૃતિ લહેરૂ અને ક્રિષ્નાબેન ઠકકરે એવૉર્ડ સ્વીકાર્યો હતો. સંસ્થાએ આ પુરસ્કારનો શ્રેય કચ્છની ગ્રામીણ મહિલાઓ, કચ્છ પોલીસ અધિક્ષક જીતેન્દ્રભાઈ રાજગોર, મહિલા પોલી સ્ટેશનના પી.એસ.આઈ. બી.એમ. બગડા તથા સ્ટાફને આપ્યો હતો.




# વિકલાંગ સેવા બદલ રાષ્ટ્રીય સન્માન



અંધ, અપંગ કે વિકલાંગ લોકોની સેવાને જીવનમંત્ર બનાવી લેનાર નવચેતન અંધજન મંડળ, માધાપરના લાલજીભાઇ પ્રજાપતિને ફરી એક વાર વિકલાંગ સેવા બદલ સન્માનિત કરવામાં આવ્યા છે. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ ભારત સરકાર દ્વારા 'રાષ્ટ્રીય વિકલાંગજન સશક્તિકરણ પુરસ્કાર-૨૦૧૧' વિકલાંગ સેવા ક્ષેત્રે બહોળું પ્રદાન આપવા બદલ માધાપર નવચેતન અંધજન મંડળના જનરલ સેક્રેટરી લાલજીભાઇ પ્રજાપતિને રાષ્ટ્રપતિ વતી મંત્રી શ્રી મુકુલ વાસનીકના હસ્તે એનાયત કરવામાં આવ્યો હતો.

વિકલાંગજનો માટે શ્રેષ્ઠ કામગીરી કરનાર લાલજીભાઇ પ્રજાપતિ શ્રી નવચેતન અંધજન મંડળના સ્થાપક અને સંચાલક છે. લાલજીભાઇ પોતે પ્રજ્ઞાચક્ષુ હોવા છતાં વિકલાંગતાના ક્ષેત્રે નવી ટેકનાલોજીના હિમાયતી છે. તેમની આ સંસ્થા વિકલાંગો માટે મલ્ટી મિડીયા એજ્યુકેશનનો પ્રારંભ કરનારી ગુજરાતની પ્રથમ સંસ્થા છે. લાલજીભાઇના નેતૃત્વમાં સંસ્થાને બે રાષ્ટ્રીય, બે રાજયસ્તરના તેમજ પારદર્શક વહીવટ માટે રાષ્ટ્રીય કક્ષા તેમજ ક્રેડિબીલીટી એલાઇન્સનું પારદર્શિતા માટેનું એક્રિડિએશન સર્ટિફીકેટ મળેલું છે. લાલજીભાઇને વ્યક્તિગત એન.એ.બી. દિલ્હી દ્વારા સરોજીની ત્રિલોકનાથ પારિતોષિક તેમજ ગુજરાત એન.એ.બી. દ્વારા ભીખાભાઇ સી. શાહ પારિતોષિક પણ પ્રાપ્ત થયેલ છે.




## પ્રતિભાવ...

પ્રતિબિંબનો પેરા કેડરનો વિશેષાંક મળ્યો. ખેતીવાડી અને પશુપાલન ક્ષેત્રે ગ્રામીણ યુવાનોને તૈયાર કરવાની કામગીરી ખેરખર આવકારદાયી છે. સમય પ્રમાણે ગ્રામ્ય વિસ્તારમાં પણ ફેરફાર થતો જાય છે ત્યારે ગામડાઓ સમય સાથે કદમ મિલાવીને ચાલે તે જરૂરી છે.

**-કવિ તેજ-ગાંધીધામ**

ગાંધીજીએ બુનિયાદી તાલીમની કંઇક કલ્પના કરી હતી પણ ૨૧મી સદીને અનુરૂપ ગ્રામ શિક્ષણની જરૂરિયાત છે તે માટે સરસ કોર્ષ મટેરીયલ બન્યા છે અને તેના આધારે અસરકારક અને જવાબદાર ગ્રામકક્ષાના કાર્યકરોની હારમાળા તૈયાર થઇ છે. સમગ્ર જગત માટે પ્રેરણાદાયી કામગીરી થઇ છે તમામ પેરા તાલીમાર્થીઓને અભિનંદન.

**-કાંતિસેન શ્રોફ 'કાકા'-ભુજોડી**

પેરા કેડરના વિશેષાંકમાં આપેલા લેખો કચ્છના ગ્રામણી વિસ્તારના નિસ્સહાયમાંથી અન્યોને મદદરૂપ બનવા સક્ષમ થયેલી વ્યક્તિઓ વિશે છે. ખાસ કરીને ગ્રામીણ મહિલાઓ જયાબેન, સૂરજબાના લેખો હૃદયસ્પર્શી રહ્યા. આવો માહિતીપ્રદ અંક તૈયાર કરવા બદલ આલેખન ટીમને અભિનંદન.

**-ભવાનજી શીવજી નાંગલપુરવાલા-મુબઇ**

## સંઘર્ષ વચ્ચે રાહ કંડારતી કચ્છી નારી

ઘરની જવાબદારી, સમાજના માન-મર્યાદાની જાળવણી અને પુરુષપ્રધાન સમાજમાં એક મહિલા હોવા છતાંય પોતાની ધગશ અને સમાજની મહિલાઓ માટે કંઇક કરી છૂટવાની મહેચ્છા સાથે બુઢારમોરા ગામના મહિલા હસીનાબેન રાયમાએ પાંચ વર્ષ અગાઉ ગ્રામ પંચાયતની ચુંટણીમાં પંચાયત સભ્ય માટે ઉમેદવારી નોંધાવી અને પંચાયતના સભ્ય ચુંટાઇ આવ્યા ! અલબત્ત, એવાં ગામડાઓ પણ છે જયાં મહિલાઓને પુરુષ સમાન સ્થાન આપવામાં આવ્યું નથી. બુઢારમોરા પણ ખૂબ જ નાનું અને પુરુષપ્રધાન ગામડું છે. આવી પરિસ્થિતિમાં પણ હસીનાબહેને પંચાયતના સભ્ય બનીને એક પડકાર ઝીલ્યો છે.

પંચાયતના સભ્ય હોવાની સાથે હસીનાબેન અંજાર પંચાયતી મહિલા મંચના પ્રમુખ પણ છે. આ પદેથી તેમણે ગામની બહેનોને રોજગારી મળે એ માટે દુધઇની 'જન શિક્ષણ સંસ્થાન' સાથે સંકલન કરી ગામની બહેનો માટે સીવણ વર્ગો શરૂ કરાવ્યા, પરિણામે આજે ગામની ૨૪ બહેનો રોજગારી રળી રહી છે. ગામના બાળકો માટે લોકભાગીદારીથી કોમ્પ્યુટર ખરીદી બાળકોને કોમ્પ્યુટર શિક્ષણ અપાવ્યું.

અહીં હસીનાબેનની આ વાત કરવા પાછળનો ઉદ્દેશ ગ્રામીણ મહિલાઓને માત્ર ચુલા-ચોકા સુધી સીમિત ન રહી પોતાની આંતરિક શકિતઓને બહાર લાવવાનો છે.ઘરની જવાબદારી સંભાળતી મહિલા ધારે તો ગામની પણ જવાબદારી સંભાળી શકે તેમ છે અને આવી મહિલાઓ માટે સંસ્થાઓ અને પંચાયતી મહિલા મંચ જેવા મંચ પણ છે. બસ,જરૂર છે ઇચ્છાશકિત અને એક પ્રયાસની....!



“સ્વાતંત્ર્ય પાયામાંથી શરૂ થવું જોઇએ.
એટલે કે,
ગામડું પ્રજાસત્તાક કે પંચાયત બનશે
જેની પાસે પૂર્ણ સત્તાઓ હશે.”

-મહાત્મા ગાંધી



• *aalekhan*, Abhiyan